ગુજરાત સરકાર

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પરિપત્ર ક્રમાંક: યસપ/૧૦૨૦૧૬/૧૧૫૧/અ

સચિવાલય, ગાંધીનગર

તારીખ-૧૯/૦૭/૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૨૭/૧૦/૧૯૯૯નો પરિપત્ર ક્રમાંક: સીઓટી-૧૦૮૨-૩૫૦૦-અ.

(૨) રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૧૨/૧૦/૨૦૦૭નો પરિપત્ર ક્રમાંક: સીઓટી/૧૦૨૦૦૭/સી.વિ.ફા.૩૭/અ.

પરિપત્ર :-

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) અન્વયે નાટ્ય પ્રયોગો યોજવા માટે "યોગ્યતા પ્રમાણપત્ર" આપવાની કામગીરી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીને સોંપવામાં આવેલી છે. તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી વહીવટમાં સુગમતા રહે તે માટે આ કામગીરીની સત્તા કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરને સોંપવામાં આવેલ છે. કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની તાલીમ કે અન્ય કારણોસરની ગેરહાજરી દરમ્યાન દૈનિક "યોગ્યતા પ્રમાણપત્ર" આપવામાં મુશ્કેલી પડે નહિ તે હેતુથી વચગાળાની વ્યવસ્થાના ભાગરૂપે કામગીરીની સત્તા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર ના સભ્ય સચિવશ્રી (અધિક કલેકટર કક્ષાના વર્ગ-૧ ના અધિકારીશ્રી) ને આપવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

૨/- પુખ્ત વિચારણાને અંતે , વહીવટી સરળતા ખાતર અને નાટક ભજવણીમાં વિલંબ ન પડે તે હેતુથી આ કામગીરી આવા સંજોગો દરમ્યાન ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવશ્રીને કામચલાઉ સોંપવાનો આથી પરીપત્ર કરવામાં આવે છે.

૩/- આ હુકમો વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર સચિવશ્રી(ર.ગ) ની તા.૧૬/૦૭/૨૦૧૬ થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બિપિન જાદવ)

સેક્શન અધિકારી

રમત ગમત ,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ,

૧. માન. રા.ક.મંત્રીશ્રી, (ર.ગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૨ સચિવ, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

૩. કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૪. સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૫. સર્વે જિલ્લા કલેક્ટરશ્રી

૬. સર્વે જિલ્લા પોલીસ વડાશ્રી

૭. નિયામકશ્રી, માહિતી ખાતુ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૮. નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ- અ

૯ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ- અ

૧૦. શાખા સિલેક્ટ ફાઇલ

૧૧. સિસ્ટમ મેનેજરશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.(સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.)